# ગાંધીનગર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ

સેકટર:૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭

ફો. ૧૦૧, (૦૭૯) ૨૩૨ ૨૨૭૪૨/૨૨૧૦૦ E-mail -gandhinagarfire@gmail.com


ક્રમાંક:ફા.બિ.જા.નં/૩૫/ ૨૦૧૯

તા.૨૦/૦૬/૨૦૧૯

પ્રતિ,

શ્રી અમરસિંહ બી ચૌહાણ,

વાવોલ,તા જી ગાંધીનગર

વિષય-ફાયર સેફટીનાં અભિપ્રાય બાબત.

સંદર્ભ-આપની અરજી તા-૨૦/૦૬/૧૯.

સવિનય સાથે જણાવવાનુ કે મોજે વાવોલ, બ્લોક સર્વેન ૫૪૧/૨પૈકી,૫૫૨ પૈકી,ફાયનલ પ્લોટ નં ૩૯,૪૧,ટી.પી.નં ૧૩. ખાતે વાણિજય/રહેણાક હેતુસર બનાવવા માટેનાં નકશા અત્રે રજુ કરેલ છે જેમાં ફીકસ ફાયર ફાઈટીંગ સિસ્ટમ ઉપરાંત તમામ વાણિજય ઈમારતમાં સંપુર્ણ સ્પ્રિકલરડ કરવાની રહેશે તેમજ બેઝમેન્ટમાં સ્પ્રિકલર ઉપરાંત ફાયર સપ્રેશન અને સ્મોક એકઝોસ્ટ સિસ્ટમ રાખવાની રહેશે.ફાયર મેઈન પંપ ઓટોમાં રાખવાનાં રહેશે અને જનરેટર અથવા ડીઝલ પંપની જોગવાઈ રાખવાની રહેશે અને ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા-૨૧ ૦૭ ૨૦૧૮ નોટીફીકેશન મુજબ ફાયર સિસ્ટમ લગાવવાની રહેશે.

વધુમાં ઈમારત બન્યા બાદ કોઈ સ્પેશીયલ પ્રકારનુ જોખમ જણાશે તો ફાયર અધિકારીની સુચનાં મુજબ કરવાનુ રહેશે.

20/6/19

ફાયર ઓફીસર

ફાયર અને ઈમરજન્સી સર્વિસ

ગાંધીનગર

Scanned with CamScanner

**કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, GANDHINAGAR**

સરનામુઃ- જિલ્લા કલેક્ટર ઓફીસ, જિલ્લા કલેક્ટર અને જિલ્લા સેવા સદન કચેરી, પથિકા આશ્રમ નજીક, ઘ રોડ, સેક્ટર ૧૧, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૭

ફોનઃ- 23259039 ફેક્ષ નંબર 23259040,23252328

ઇ-મેઇલઃ- chitnis-gnr@gujarat.gov.in

હુકમ નંબરઃ- CB/NA/GANDHINAGAR/Vavol/541/૨/998542/2019

તારીખઃ- 27/03/2019

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) અરજદારશ્રી અમરસિંહ બળદેવજી ચૌહાણ ની તારીખઃ '24/12/2018' ની અરજી તથા તારીખઃ '24/12/2018' નું સોગંદનામુ.
(૨) મુંબઇ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ ની કલમ- ૪૮,૬૫, ૬૬, તથા ૬૭.
(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ-૮૧,૧૦૦, ૧૦૧, ૧૦૨.
(૪) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૧/૭/૦૮.
(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૮/૫/૧૮.
(૬) નં. Revenue/998542/GANDHINAGAR/Gandhinagar/Vavol, તા 18/03/2019
(૭) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક તા.૧૬/૮/૧૮.
(૮) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૫/૧૨૦૯/ક તા. ૬/૯/૧૮.

<u>હુકમઃ-</u>

વંચાણે લીધેલ ક્રમ-(૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી અમરસિંહ બળદેવજી ચૌહાણ , રહે -, મુ.પો. લીંબોદરા , તા.માણસા,જી.ગાંધીનગર, Mansa, Manasa, Gandhinagar Gujarat INDIA એ મોજેઃ Vavol , તા Gandhinagar જિ GANDHINAGAR ના સર્વે નંબર 541/૨ , ટીપી સ્કીમ નં 13 , એફપી નં 36 ના ક્ષેત્રફળઃ 1315.00 ચો.મી. પૈકી સબ પ્લોટ નં N.A. નું ક્ષેત્રફળ 257.00 ચો.મી. જમીન અંગે મહેસૂલ કાયદાની હેઠળ બિનખેતી પરવાનગી મેળવવાની માંગણી કરેલ છે.

૨. સવાલવાળી જમીન અંગેના નમુના નં.૭-૧૨ કબજેદારની વિગત નીચે મુજબ છે.

| સર્વે નંબર/બ્લોક નંબર/રીસર્વે નંબર | ટીપી સ્કીમ નંબર | ફા.પ્લોટ નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) | કબ્જેદારોના નામ |
|---|---|---|---|---|
| 541/૨ / | 13 | 36 | 257.00 | અમરસિંહ બળદેવજી ચૌહાણ |

૩. સવાલવાળી જમીન અંગેના રજુ થયેલ રેકર્ડ ની ચકાસણી કરતાં સદર જમીન હાલમાં જુની શરત સત્તાપ્રકારે ચાલતી આવે છે. તેમજ અરજદારે સોગંદનામામાં જાહેર કરેલ હકીકત તથા અન્ય આધાર પુરાવાઓ જોતાં મહેસુલી ટાઇટલ ક્લીયર હોવાનું જણાતું હોઇ, બીનખેતી પરવાનગી આપવામાં વાંધાસરખું જણાતું ન હોઇ, હુકમના વંચાણે લીધેલ ક્રમ નં. ૬માં જણાવેલ વિગતે અરજદારને રૂપાંતર કર, વિશેષધારો તથા અન્ય વેરાની રકમ સરકારશ્રીમાં ભરપાઇ કરવા ઓનલાઇન સિસ્ટમ દ્વારા તેઓને અરજીમાં દર્શાવેલ ઇલેક્ટ્રોનીક માધ્યમ દ્વારા ઓનલાઇન ચુકવણું કરવા જાણ કરતાં, નીચે જણાવેલ વિગતની રકમ ઓનલાઇન સિસ્ટમ દ્વારા અરજદારે સરકારશ્રીમાં જમા કરાવેલ હોવાનું જણાય છે.

**બિનખેતી કરવાની થતી જમીનનું ક્ષેત્રફળ : 257.00**

| ક્રમ | વિગત | રૂપાંતર કર/ બિનખેતી આકાર (દર ચો.મી.દીઠ) | વિગત | | | |
|---|---|---|---|---|---|---|
| | | | **ચલણ/પહોંચ નંબર-તારીખ** | **પેમેન્ટ ની તારીખ** | **રકમ રૂ.** | **રકમ ભરપાઇ કર્યાનું સ્થળ** |
| 1 | Rupantar Kar | 167.00 X 8.00 = 1336.00 | 100001046165 | 18/03/2019 | 1336.00 | ONLINE |
| 2 | Vishesh Dharo | 167.00 X 0.60 = 100.20 | 100001046165 | 18/03/2019 | 100.20 | ONLINE |
| 3 | Local Fund | 167.00 X 1.20 = 200.40 | 100001046165 | 18/03/2019 | 200.40 | ONLINE |
| 4 | Shikshan Upkar | 167.00 X 0.30 = 50.10 | 100001046165 | 18/03/2019 | 50.10 | ONLINE |



Scanned with CamScanner

૪. ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં પેરા નં. ૨માં દર્શાવેલ જમીન સબંધે નીચે જણાવેલ શરતોને આધીન જમીન મહેસુલ કાયદા તથા હુકમના વંચાણે લીધેલ ક્રમ નં. ૪ તથા ૫માં દર્શાવેલ સરકારશ્રીના વખતો વખતના ઠરાવ તથા પરિપત્રમાં જણાવેલ જોગવાઇઓને આધીન મલ્ટીપરપઝ / બહુ હેતુક હેતુ માટે બીનખેતી પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો:-

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં (પરંતુ અપીલ પીરીયડ પુરો થયા બાદ) "એમ" નમુનામાં સનદ કરી આપવી પડશે.

(૨) જીલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવવાની રહેશે. જેથી માપણી કરી/કરાવી આ હુકમ આધારે તેમજ મંજુર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું / કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસુલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન/પ્લોટનું રજી.દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૩). અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (બિનખેતી દર) હેતુ માટે દર ચો.મી.ના પૈસા પ્રમાણે તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકર ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) સંબંધિત નગરપાલિકા/ મહાનગરપાલિકા/શહેરી વિકાસ વિસ્તાર સત્તા મંડળ ધ્વારા મંજુર કરેલ પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે અને હુકમ થયા તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) આ હુકમ જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ તથા નિયમ-૧૦૦ ની જોગવાઇઓને આધારે કરેલ છે. તે સિવાય કબજેદારે અન્ય સંબંધિત કાયદાકીય પરવાનગી લેવાની થતી હશે તે તેમણે અલાયદી મેળવી લેવાની રહેશે.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં.બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા.૧૩/૯/૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા/કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલીકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહીં.

(૭) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૭/૮/૯૧ ના પરિપત્ર નં. બખપ-૧૦૯૧-૧૭૫૬-ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃત બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા/શહેરી વિકાસ વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલા લેવાના રહેશે.

(૮) સદર જમીનમાંથી પેટ્રોલીયમ/પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરીટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૯) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા.૧/૭/૨૦૦૮ ના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

1. ડીસ્ટ્રીકટ ઇન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજુર કરાયેલ હોવો જોઇએ.
2. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજુર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજાચિઠ્ઠી મેળવી શકશે નહીં.
3. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.
4. મંજુર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.
5. અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.
6. ફલોર મીલ, સિનેમા/ટુરીંગ સિનેમા/થીયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
7. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
8. ઇન્ડીયન એક્ષપ્લોઝીવ એકટ અન્વયે મેગેઝીન્સ, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતાં પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટની [illegible] આગળની કાર્યવાહી કરવાની રહેશે.
9. સવાલવાળી જમીન જો રેલવે હદની નજીક હોય તો રેલવેની હદથી (ત્રીસ)૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.
10. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રીડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.
11. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કિ.મી. ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકમની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનુંપાલન કરવાનું રહેશે.
12. ઓ.એન.જી.સી. ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.
13. નર્મદા કેનાલ/અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.
14. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/મહાનગરપાલિકા/શહેરી વિકાસ વિસ્તાર સત્તા મંડળ ધ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે તે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) આ જમીનમાં વરસાદી પાણીના ભૂગર્ભ વહન એટલે કે સંચય માટે દર મકાન/બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) અરજદાર ધ્વારા બિનખેતી પરવાનગીની માંગણીવાળી જમીનને નગરપાલિકાના હયાત રોડથી ઓછામાં ઓછા ૧૨ મી. નો. એપ્રોચ રોડ મળે છે તે મુજબની ખાતરી આપવાની રહેશે.

(૧૩) પ્રશ્નવાળી જમીનમાં સ્થળે થયેલ બાંધકામ સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમોનુસાર નહિ હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થા નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે. તેમાં આ હુકમથી બાધ આવશે નહીં.



Scanned with CamScanner

...ા હુકમના વંચાણે ...હેતુ હેતુ માટે



અરજદારે ઉપરોકત શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

(૧૪) ઉપરની કોઇપણ શરતનો ભંગ થયેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આણ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૫) ઉપરોકત શરતોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરુધ્ધ બાંધેલ । અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સુચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

(૧૬) આ પરવાનગી અરજદારે રજુ કરેલ વિગતોને આધારે આપવામાં આવેલ છે. રજુ થયેલ કોઇ વિગત ખોટી હોવાનું જાહેર થયેથી કે ઉપરની કોઇપણ શરતોનો ભંગ થયેથી આ પરવાનગી આપો આપ રદ થયેલી ગણાશે તથા સોગંદનામામાં દર્શાવેલ કાયદા હેઠળની જોગવાઇ હેઠળ પગલાં લેવાને પાત્ર રહેશે અને તત્કાલિન અમલમાં હોય તેવા બીજા કોઇપણ કાયદાની જોગવાઇઓના બાધ વિના ઇન્ડીયન પીનલ કોડ હેઠળ ફોજદારી ગુના માટે શિક્ષાત્મક પગલા લેવાને પાત્ર બનશે તથા જમીન મહેસુલ કાયદો તથા નિયમોની જોગવાઇ અનુસાર યોગ્ય તે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને બાંધકામ દુર કરવા કે સરકાર સંપ્રામ સહીતના એક કે વધુ પગલાં લેવાશે.

(૧૭) પ્રકરણે રજુ થયેલ ગામ નમુના નં. ૭/૧૨ના રેકર્ડે ચાલતાં ખાતેદારને તેણે ધારણ કરેલ હુકમમાં દર્શાવેલ જમીનમાં ફક્ત ખેતી સિવાયના ઉપયોગ કરવાની પરવાનગી આપતો સદર હુકમ કરેલ છે જેનાથી ટાઇટલ / માલિકીપણાના હક્ક પ્રસ્થાપિત થતાં નથી કે સદર હુકમથી આ કાયદો કે તેને અંતર્ગત નિયમો કે અન્ય કોઇ પ્રવર્તમાન કાયદા હેઠળ ચાલતાં કે ભવિષ્યમાં ઉપસ્થિત થનાર લીટીગેશનનો બાધ રહેશે નહીં.

(૧૮)પ્રકરણે રજુ થયેલ હકીકત । દસ્તાવેજી પુરાવાને આધારે પરવાનગી આપવામાં આવેલ છે. ભવિષ્યમાં કોઇ પુરાવો કે અન્ય કોઇ વિપરીત બાબત ધ્યાનમાં આવશે તો મુંબઇ જનરલ કલોઝીઝ એકટની જોગવાઇઓ હેઠળ આપમેળે સદર પરવાનગી રદ કરી શકાશે.

(૧૯) જો અગાઉ કોઇ ચોક્કસ હેતુ માટે પ્રિમિયમ ભરપાઇ થયેલ હોય અને અન્ય હેતુ માટે વિકાસ પરવાનગી માંગેલ હોય / નકશા મંજુર કરવાના થાય તો વિકાસ પરવાનગી આપતાં પહેલાં પ્રિમિયમ તફાવત ભરાયાની સંબંધિત સત્તામંડળે ખાતરી કરવાની રહેશે અને ત્યારબાદ જ વિકાસ પરવાનગી આપવાની રહેશે. (૨૦) જીડીસીઆર મુજબ જે હેતુ / ઉપયોગ માટે પરવાનગી મળવાપાત્ર નહી હોય તો તે ઉપયોગ કરી શકાશે નહી. (૨૧) ખેતી ઝોનમાં જીડીસીઆર મુજબ જેટલુ બાંધકામ મળવાપાત્ર હોય તેટલા જ ક્ષેત્રફળ માટે વિકાસ પરવાનગી આપવાની રહેશે. (૨૨) બીનખેતી પરવાનગી મળ્યા બાદ જો ખાસ મંજુરી વિના ધાર્મિક ઉપયોગ માટે બાંધકામ કરેલ હશે તો તે શરતભંગ ગણાશે અને તે બાંધકામ દુર કરવાપાત્ર થશે.

**વધુમાં, ઉપર્યુકત શરતોને આધિન અરજદાર ધ્વારા રજૂ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ ધ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે.**

તારીખઃ- 27/03/2019

રવાના કરવા પ્રમાણિત કર્યુ

(કે.ટી. મણાત)
ચિટનીશ ટુ કલેકટર
ગાંધીનગર

સહી/-
(એસ.કે.લાંગા)
કલેકટર, GANDHINAGAR

કલેકટર ગાંધીનગર ... ગાંધીનગર જિલ્લો

RPAD
પ્રતિ,

૧. અરજદારશ્રી અમરસિંહ બળદેવજી ચૌહાણ

રહે.-, મુ.પો. લીંબોદરા , તા.માણસા,જી.ગાંધીનગર, Mansa, Manasa, Gandhinagar Gujarat INDIA

નકલ રવાના.
મામલતદારશ્રી. ગાંધીનગર

જિલા જમીન નિરીક્ષકશ્રી GANDHINAGAR
તલાટી કમ મન્ત્રીશ્રી. વાવોલ

સેલેકટ ફાઇલ

Scanned with CamScanner

**કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, GANDHINAGAR**

**સરનામુઃ-** જિલ્લા કલેકટર ઓફીસ, જિલ્લા કલેકટર અને જિલ્લા સેવા સદન કચેરી, પથિકા આશ્રમ નજીક, ઘ રોડ, સેકટર ૧૧, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૭

**ફોનઃ-** 23259039 **ફેક્ષ નંબર** 23259040,23252328

**ઇ-મેઇલઃ-** chitnis-gnr@gujarat.gov.in

**હુકમ નંબરઃ-** CB/NA/GANDHINAGAR/Vavol/552/998537/2019

**તારીખઃ-** 27/03/2019

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) અરજદારશ્રી અમરસિંહ બળદેવજી ચૌહાણ ની તારીખઃ '24/12/2018' ની અરજી તથા તારીખઃ '24/12/2018' નું સોગંદનામુ.

(૨) મુંબઇ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ ની કલમ- ૪૮,૬૫, ૬૬, તથા ૬૭.

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ-૮૧,૧૦૦, ૧૦૧, ૧૦૨.

(૪) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૧/૭/૦૮.

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૮/૫/૧૮.

(૬) નં. Revenue/998537/GANDHINAGAR/Gandhinagar/Vavol, તા 18/03/2019

(૭) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક તા.૧૬/૮/૧૮.

(૮) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંકઃ બખપ/૧૦૨૦૧૫/૧૨૦૯/ક તા. ૬/૯/૧૮.

<u>હુકમઃ-</u>

વંચાણે લીધેલ ક્રમ-(૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી અમરસિંહ બળદેવજી ચૌહાણ , રહે -, મુ.પો. લીંબોદરા , તા.માણસા,જી.ગાંધીનગર, Mansa, Manasa, Gandhinagar Gujarat INDIA એ મોજેઃ Vavol , તા Gandhinagar જિ GANDHINAGAR ના સર્વે નંબર 552 , ટીપી સ્કીમ નં 13 , એફપી નં 41 ના ક્ષેત્રફળઃ 3318.00 ચો.મી. પૈકી સબ પ્લોટ નં N.A. નું ક્ષેત્રફળ 1182.00 ચો.મી. જમીન અંગે મહેસૂલ કાયદાની હેઠળ બિનખેતી પરવાનગી મેળવવાની માંગણી કરેલ છે.

૨. સવાલવાળી જમીન અંગેના નમુના નં.૭-૧૨ કબજેદારની વિગત નીચે મુજબ છે.

| સર્વે નંબર/ બ્લોક નંબર/ રી-સર્વે નંબર | ટીપી સ્કીમ નંબર | ફાઇનલ પ્લોટ નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) | કબજેદારોના નામ |
|---|---|---|---|---|
| 552 / | 13 | 41 | 1182.00 | અમરસિંહ બળદેવજી ચૌહાણ |

3. સવાલવાળી જમીન અંગેના રજુ થયેલ રેકર્ડ ની ચકાસણી કરતાં સદર જમીન હાલમાં જુની શરત સત્તાપ્રકારે ચાલતી આવે છે. તેમજ અરજદારે સોગંદનામામાં જાહેર કરેલ હકીકત તથા અન્ય આધાર પુરાવાઓ જોતાં મહેસુલી ટાઇટલ ક્લીયર હોવાનું જણાતું હોઇ, બીનખેતી પરવાનગી આપવામાં વાંધાસરખું જણાતું ન હોઇ, હુકમના વંચાણે લીધેલ ક્રમ નં. ૬માં જણાવેલ વિગતે અરજદારને રૂપાંતર કર, વિશેષધારો તથા અન્ય વેરાની રકમ સરકારશ્રીમાં ભરપાઇ કરવા ઓનલાઇન સિસ્ટમ દ્વારા તેઓને અરજીમાં દર્શાવેલ ઇલેકટ્રોનીક માધ્યમ દ્વારા ઓનલાઇન ચુકવણું કરવા જાણ કરતાં, નીચે જણાવેલ વિગતની રકમ ઓનલાઇન સિસ્ટમ દ્વારા અરજદારે સરકારશ્રીમાં જમા કરાવેલ હોવાનું જણાય છે.

**બિનખેતી કરવાની થતી જમીનનું ક્ષેત્રફળઃ :** 1182.00

| ક્રમ | વિગત | રૂપાંતર કર/ બિનખેતી આકાર (દર ચો.મી.દીઠ) | વિગત | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ચલણ/પહોંચ નંબર-તારીખ | પેમેન્ટ ની તારીખ | રકમ રૂ. | રકમ ભરપાઇ કર્યાનું સ્થળ |
| 1 | Rupantar Kar | 768.00 X 8.00 = 6144.00 | 100001046166 | 18/03/2019 | 6144.00 | ONLINE |
| 2 | Vishesh Dharo | 768.00 X 0.60 = 460.80 | 100001046166 | 18/03/2019 | 460.80 | ONLINE |
| 3 | Local Fund | 768.00 X 1.20 = 921.60 | 100001046166 | 18/03/2019 | 921.60 | ONLINE |
| 4 | Shikshan Upkar | 768.00 X 0.30 = 230.40 | 100001046166 | 18/03/2019 | 230.40 | ONLINE |



Scanned with CamScanner

૪. ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં પેરા નં. ૨માં દર્શાવેલ જમીન સબંધે નીચે જણાવેલ શરતોને આધીન જમીન મહેસુલ કાયદા તથા હુકમના વંચાણે લીધેલ ક્રમ નં. ૪ તથા ૫માં દર્શાવેલ સરકારશ્રીના વખતો વખતના ઠરાવ તથા પરિપત્રમાં જણાવેલ જોગવાઇઓને આધીન મલ્ટીપરપઝ / બહુ હેતુક હેતુ માટે બીનખેતી પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

<u>શરતો:-</u>

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં (પરંતુ અપીલ પીરીયડ પુરો થયા બાદ) "એમ" નમુનામાં સનદ કરી આપવી પડશે.

(૨) જીલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવવાની રહેશે. જેથી માપણી કરી/કરાવી આ હુકમ આધારે તેમજ મંજુર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું / કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસુલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન/પ્લોટનું રજી.દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૩). અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (બિનખેતી દર) હેતુ માટે દર ચો.મી.ના પૈસા પ્રમાણે રુ તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકર ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) સંબંધિત નગરપાલિકા/ મહાનગરપાલિકા/શહેરી વિકાસ વિસ્તાર સત્તા મંડળ ધ્વારા મંજુર કરેલા પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે અને હુકમ થયા તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) આ હુકમ જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ તથા નિયમ-૧૦૦ ની જોગવાઇઓને આધારે કરેલ છે. તે સિવાય કબજેદારે અન્ય સંબંધિત કાયદાકીય પરવાનગી લેવાની થતી હશે તે તેમણે અલાયદી મેળવી લેવાની રહેશે.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં.બખપ/૧૦૯૩/૧૫૨/ક તા.૧૩/૯/૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા/કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલીકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહીં.

(૭) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૭/૮/૯૧ ના પરિપત્ર નં. બખપ-૧૦૯૧-૧૭૫૬-ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃત બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા/શહેરી વિકાસ વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલા લેવાના રહેશે.

(૮) સદર જમીનમાંથી પેટ્રોલીયમ/પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરીટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૯) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા.૧/૭/૨૦૦૮ ના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

1. ડીસ્ટ્રીકટ ઇન્સપેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજુર કરાયેલ હોવો જોઇએ.
2. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજુર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજાચિઠ્ઠી મેળવી શકશે નહીં.
3. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.
4. મંજુર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.
5. અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.
6. ફલોર મીલ, સિનેમા/ટુરીંગ સિનેમા/થીયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
7. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
8. ઇન્ડીયન એક્ષપ્લોઝીવ એક્ટ અન્વયે મેગેઝીન, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જીલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળના કાર્યવાહી કરવાની રહેશે.
9. સવાલવાળી જમીન જો રેલવે હદની નજીક હોય તો રેલવેની હદથી (ત્રીસ)૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.
10. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રીડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.
11. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કિ.મી. ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકમની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનુંપાલન કરવાનું રહેશે.
12. ઓ.એન.જી.સી. ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.
13. નર્મદા કેનાલ/અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.
14. અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/મહાનગરપાલિકા/શહેરી વિકાસ વિસ્તાર સત્તા મંડળ ધ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે તે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન એટલે કે સંચય માટે દર મકાન/બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) અરજદાર ધ્વારા બિનખેતી પરવાનગીની માંગણીવાળી જમીનને નગરપાલિકાના હયાત રોડથી ઓછામાં ઓછા ૧૨ મી. નો. એપ્રોચ રોડ મળે છે તે મુજબની ખાતરી આપવાની રહેશે.

(૧૩) પ્રશ્નવાળી જમીનમાં સ્થળે થયેલ બાંધકામ સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમોનુસાર નહિ હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થા નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે. તેમાં આ હુકમથી બાધ આવશે નહીં.



Scanned with CamScanner

અરજદારે ઉપરોકત શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

(૧૪) ઉપરની કોઇપણ શરતનો ભંગ થયેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આણ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૫) ઉપરોકત શરતોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરૂધ્ધ બાંધેલ I અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સુચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

(૧૬) આ પરવાનગી અરજદારે રજુ કરેલ વિગતોને આધારે આપવામાં આવેલ છે. રજુ થયેલ કોઇ વિગત ખોટી હોવાનું જાહેર થયેથી કે ઉપરની કોઇપણ શરતોનો ભંગ થયેથી આ પરવાનગી આપો આપ રદ થયેલી ગણાશે તથા સોગંદનામામાં દર્શાવેલ કાયદા હેઠળની જોગવાઇ હેઠળ પગલાં લેવાને પાત્ર રહેશે અને તત્કાલિન અમલમાં હોય તેવા બીજા કોઇપણ કાયદાની જોગવાઇઓના બાધ વિના ઇન્ડીયન પીનલ કોડ હેઠળ ફોજદારી ગુના માટે શિક્ષાત્મક પગલા લેવાને પાત્ર બનશે તથા જમીન મહેસુલ કાયદો તથા નિયમોની જોગવાઇ અનુસાર યોગ્ય તે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને બાંધકામ દુર કરવા કે સરકાર સંપ્રાપ્ત સહીતના એક કે વધુ પગલાં લેવાશે.

(૧૭) પ્રકરણે રજુ થયેલ ગામ નમુના નં. ૭/૧૨ના રેકર્ડે ચાલતાં ખાતેદારને તેણે ધારણ કરેલ હુકમમાં દર્શાવેલ જમીનમાં ફક્ત ખેતી સિવાયના ઉપયોગ કરવાની પરવાનગી આપતો સદર હુકમ કરેલ છે જેનાથી ટાઇટલ / માલિકીપણાના હક્ક પ્રસ્થાપિત થતાં નથી કે સદર હુકમથી આ કાયદો કે તેને અંતર્ગત નિયમો કે અન્ય કોઇ પ્રવર્તમાન કાયદા હેઠળ ચાલતાં કે ભવિષ્યમાં ઉપસ્થિત થનાર લીટીગેશનનો બાધ રહેશે નહીં.

(૧૮)પ્રકરણે રજુ થયેલ હકીકત I દસ્તાવેજી પુરાવાને આધારે પરવાનગી આપવામાં આવેલ છે. ભવિષ્યમાં કોઇ પુરાવો કે અન્ય કોઇ વિપરીત બાબત ધ્યાનમાં આવશે તો મુંબઇ જનરલ ક્લોઝીઝ એકટની જોગવાઇઓ હેઠળ આપમેળે સદર પરવાનગી રદ કરી શકાશે.

(૧૯) જો અગાઉ કોઇ ચોક્કસ હેતુ માટે પ્રિમિયમ ભરપાઇ થયેલ હોય અને અન્ય હેતુ માટે વિકાસ પરવાનગી માંગેલ હોય / નકશા મંજુર કરવાના થાય તો વિકાસ પરવાનગી આપતાં પહેલાં પ્રિમિયમ તફાવત ભરાયાની સંબંધિત સત્તામંડળે ખાતરી કરવાની રહેશે અને ત્યારબાદ જ વિકાસ પરવાનગી આપવાની રહેશે. (૨૦) જીડીસીઆર મુજબ જે હેતુ / ઉપયોગ માટે પરવાનગી મળવાપાત્ર નહી હોય તો તે ઉપયોગ કરી શકાશે નહી. (૨૧) ખેતી ઝોનમાં જીડીસીઆર મુજબ જેટલુ બાંધકામ મળવાપાત્ર હોય તેટલા જ ક્ષેત્રફળ માટે વિકાસ પરવાનગી આપવાની રહેશે. (૨૨) બીનખેતી પરવાનગી મળ્યા બાદ જો ખાસ મંજુરી વિના ધાર્મિક ઉપયોગ માટે બાંધકામ કરેલ હશે તો તે શરતભંગ ગણાશે અને તે બાંધકામ દુર કરવાપાત્ર થશે.

**વધુમાં, ઉપર્યુકત શરતોને આધિન અરજદાર ધ્વારા રજૂ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ ધ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે.**

**તારીખઃ- 27/03/2019**

સહી/—
(એસ.કે.લાંગા)
**કલેકટર,** GANDHINAGAR

રવાના કરવા પ્રમાણિત કર્યુ
(કે.ટી.મ[illegible])
ચિટનીશ ટુ કલેકટર
ગાંધીનગર

**RPAD**
**પ્રતિ,**

૧. અરજદારશ્રી અમરસિંહ બળદેવજી ચૌહાણ

રહે.-, મુ.પો. લીંબોદરા , તા.માણસા,જી.ગાંધીનગર, Mansa, Manasa, Gandhinagar Gujarat INDIA

નકલ રવાના:

**મામલતદારશ્રી.** ગાંધીનગર

**જિલા જમીન નિરીક્ષકશ્રી GANDHINAGAR**

**તલાટી કમ મન્ત્રીશ્રી.** વાવોલ

**સેલેક્ટ ફાઇલ**



Scanned with CamScanner

નં. સીબી/એનએ/ગાંધીનગર/વાવોલ/૫૫૨/૯૯૮૫૩૭/૨૦૧૯/સુ.હુ./વશી.૧૦૪૬૫ થી ૧૦૪૬૯/૨૦૧૯

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની
કચેરી, ગાંધીનગર.
તારીખઃ–૦૩/૦૭/૨૦૧૯

<u>વંચાણે લીધું:-</u>

(૧) અત્રેનો હુકમ નં. સીબી/એનએ/ગાંધીનગર/વાવોલ/૫૫૨/૯૯૮૫૩૭/૧૯, તા.૨૭.૦૩.૨૦૧૯

(૨) અરજદારશ્રી અમરસિંહ બળદેવજી ચૌહાણ, રહે.દરબાર ગઢ, લિંબોદરા, તા.માણસા, જી.ગાંધીનગરની તા.૧૮.૦૫.૨૦૧૯ ની અરજી.

(૪) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧.૭.૨૦૦૮ ના ઠરાવ નં.બખપ/૧૦૦૬/ ૪૨૫/ક.

(૫) મુંબઈ જમીન મહેસુલ કાયદો–૧૮૭૯ અને ગુજરાત જમીન મહેસુલ નિયમો–૧૯૭૨.

<u>સુધારા હુકમ ::</u>

આમુખ--(૧) ના અત્રેના હુકમથી મોજે.વાવોલ, તા.જી.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૫૫૨, ટી.પી.સ્કીમ નં.૧૩, એફ.પી. નં.૪૧ ની ક્ષે.૭૬૮ ચો.મી. જમીનમાં ઓનલાઈન બીનખેતી પરવાનગી આપવામાં આવેલ છે.

અરજદારશ્રીએ આમુખ--(૨) ની અરજીથી કરેલ રજુઆત મુજબ, મોજે.વાવોલ, તા.જી.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૫૫૨ ની ક્ષે.૩૩૧૮ ચો.મી. જમીનમાંથી ક્ષે.૧૧૮૨ ચો.મી જમીનની સમાવેશ ટી.પી. નં.૧૩ માં થતાં એફ.પી. નં.૪૧, ક્ષે.૭૬૮ ચો.મી. ફાળવવામાં આવેલ છે. જે અંગે અરજદારશ્રીએ દર્શાવેલ ક્ષે.૧૧૮૨ ચો.મી. ને બદલે ક્ષે.૭૬૮ ચો.મી. બતાવવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીની રજુઆત અન્વયે ઉપલબ્ધ રેકર્ડથી ચકાસણી કરતાં, અરજદારશ્રી દ્વારા તા.૨૬.૧૨.૨૦૧૮ ના રોજ ઓન લાઈન અરજીમાં એન.એ. માટે સુચિત વિસ્તાર ક્ષે.૧૧૮૨ ચો.મી. દર્શાવેલ હતો પરંતુ, એફ.પી. મુજબ ક્ષે.૭૬૮ ચો.મી. મળવાપાત્ર હોય અત્રેથી તે મુજબ રૂપાંતર કર વિગેરેની રકમ વસુલ લઈ, તે મુજબ આમુખ–(૧)નો હુકમ ઓન લાઈન જનરેટ કરેલ છે. જે ઓન લાઈન હુકમમાં અરજદારશ્રી દ્વારા દર્શાવેલ એનએ માટેનો સુચિત વિસ્તાર ક્ષે.૧૧૮૨ ઓટો જનરેટ થયેલ છે. જે સુધારવાપાત્ર છે.

વાસ્તે, અત્રેના આમુખ--(૧) ના હુકમથી મોજે.વાવોલ, તા.જી.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૫૫૨ ના ક્ષે.૩૩૧૮ ચો.મી. જમીન પૈકી ટી.પી.સ્કીમ નં.૧૩ માં સમાવિષ્ટ મુળ ખંડ નં.૪૧ ની ક્ષે.૧૧૮૨ ચો.મી. જમીનના અંતિમ ખંડ નં.૪૧ મુજબની ક્ષે.૭૬૮ ચો.મી. જમીનમાં બીનખેતી પરવાનગી વાંચવા આથી સુધારા હુકમ કરવામાં આવેલ છે.

આમુખ–(૧) ના હુકમની અન્ય શરતો અને જોગવાઈઓ યથાવત રહેશે.

રવાના કરવા પ્રમાણિત કર્યુ

(કે.ટી. ~~[illegible]~~)
ચિટનીશ ટુ કલેક્ટર
ગાંધીનગર

સહી/–
(એસ.કે.લાંગા)
કલેક્ટર,ગાંધીનગર

<u>રજી.પો.એ.ડી.થી</u>

પ્રતિ,
શ્રી અમરસિંહ બળદેવજી ચૌહાણ,
રહે.દરબાર ગઢ, લિંબોદરા, તા.માણસા, જી.ગાંધીનગર

<u>નકલ રવાનાઃ–(જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ)</u>

૧. નાયબ મામલતદારશ્રી (ઈ–ધરા), મામલતદાર કચેરી, ગાંધીનગર
૨. ડી.આઈ.એલ.આર.શ્રી, ગાંધીનગર
૩. તલાટી કમ મંત્રીશ્રી, વાવોલ, તા. જી.ગાંધીનગર
૪. સિલેક્ટ ફાઈલ.

Scanned with CamScanner

નં. સીબી/એનએ/ગાંધીનગર/વાવોલ/૫૪૧/૨/૯૯૮૫૪૨/૨૦૧૯/સુ.હુ./વશી.૧૦૨૬૧ થી ૧૦૨૬૫/૨૦૧૯

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની
કચેરી, ગાંધીનગર.
તારીખઃ–૨૯/૦૬/૨૦૧૯

**વંચાણે લીધું:–**

(૧) અત્રેનો હુકમ નં. સીબી/એનએ/ગાંધીનગર/વાવોલ/૫૪૧/૨/૯૯૮૫૪૨/૧૯, તા.૨૭.૦૩.૨૦૧૯
(૨) અરજદારશ્રી અમરસિંહ બળદેવજી ચૌહાણ, રહે.દરબાર ગઢ, લિંબોદરા, તા.માણસા, જી.ગાંધીનગરની તા.૧૮.૦૫.૨૦૧૯ ની અરજી.
(૪) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧.૭.૨૦૦૮ ના ઠરાવ નં.બખપ/૧૦૦૬/ ૪૨૫/ક.
(૫) મુંબઈ જમીન મહેસુલ કાયદો–૧૮૭૯ અને ગુજરાત જમીન મહેસુલ નિયમો–૧૯૭૨.

**સુધારા હુ ક મ ::**

**આમુખ–(૧)** ના અત્રેના હુકમથી મોજે.વાવોલ, તા.જી.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૫૪૧/૨, ટી.પી.સ્કીમ નં.૧૩, એફ.પી. નં.૩૬ ની ક્ષે.૧૬૭ ચો.મી. જમીનમાં ઓનલાઈન બીનખેતી પરવાનગી આપવામાં આવેલ છે.

અરજદારશ્રીએ આમુખ–(૨) ની અરજીથી કરેલ રજુઆત મુજબ, મોજે.વાવોલ, તા.જી.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૫૪૧/૨ ની ક્ષે.૧૩૧૫ ચો.મી. જમીનમાંથી ક્ષે.૨૫૭ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. નં.૧૩ માં થતાં એફ.પી. નં.૩૬, ક્ષે.૧૬૭ ચો.મી. ફાળવવામાં આવેલ છે. જે મુજબ હુકમમાં દર્શાવેલ ક્ષે.૨૫૭ ચો.મી. ને બદલે ક્ષે.૧૬૭ ચો.મી. બતાવવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીની રજુઆત અન્વયે ઉપલબ્ધ રેકર્ડથી ચકાસણી કરતાં, અરજદારશ્રી ધ્વારા તા.૨૬.૧૨.૨૦૧૮ ના રોજ ઓન લાઈન અરજીમાં એન.એ. માટે સુચિત વિસ્તાર ક્ષે.૨૫૭ ચો.મી. દર્શાવેલ હતો પરંતુ, એફ.પી. મુજબ ક્ષે.૧૬૭ ચો.મી. મળવાપાત્ર હોય અત્રેથી તે મુજબ રૂપાંતર કર વિગેરેની રકમ વસુલ લઈ, તે મુજબ આમુખ–(૧)નો હુકમ ઓન લાઈન જનરેટ કરેલ છે. જે ઓન લાઈન હુકમમાં અરજદારશ્રી ધ્વારા દર્શાવેલ એનએ માટેનો સુચિત વિસ્તાર ક્ષે.૨૫૭ ઓટો જનરેટ થયેલ છે. જે સુધારવાપાત્ર છે.

વાસ્તે, અત્રેના આમુખ–(૧) ના હુકમથી મોજે.વાવોલ, તા.જી.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૫૪૧/૨ ના ક્ષે.૧૩૧૫ ચો.મી. જમીન પૈકી ટી.પી.સ્કીમ નં.૧૩ માં સમાવિષ્ટ મુળ ખંડ નં.૩૬ ની ક્ષે.૨૫૭ ચો.મી. જમીનના અંતિમ ખંડ નં.૩૬ મુજબની ક્ષે.૧૬૭ ચો.મી. જમીનમાં બીનખેતી પરવાનગી વાંચવા આથી સુધારા હુકમ કરવામાં આવેલ છે.

આમુખ–(૧) ના હુકમની અન્ય શરતો અને જોગવાઈઓ યથાવત રહેશે.

રવાના કરવા પ્રમાણિત કર્યુ

(કે.ટી. [illegible])
ચિટનીશ ટુ કલેકટર
ગાંધીનગર

**સહી/–**
**(એસ.કે.લાંગા)**
**કલેકટર,ગાંધીનગર**

***રજી.પો.એ.ડી.થી***

**પ્રતિ,**

**શ્રી અમરસિંહ બળદેવજી ચૌહાણ,**
રહે.દરબાર ગઢ, લિંબોદરા, તા.માણસા, જી.ગાંધીનગર

**નકલ રવાનાઃ–(જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ)**

૧. નાયબ મામલતદારશ્રી (ઈ–ધરા), મામલતદાર કચેરી, ગાંધીનગર
૨. ડી.આઈ.એલ.આર.શ્રી, ગાંધીનગર
૩. તલાટી કમ મંત્રીશ્રી, **વાવોલ**, તા. જી.ગાંધીનગર
૪. સિલેકટ ફાઈલ.

Scanned with CamScanner